કુ. ધ્વનિ નિલેશભાઇ મપારા-વડોદરાએ આજે એમનું જે સન્માન કરવામાં આવ્યું તે નિમિત્તે પંચોલી નવયુગને રૂા. ૫૦૧/-નું દાન આપ્યુ છે.

પંચોલી નવયુગના તંત્રીશ્રી દિનેશભાઇએ કોરોનાના કારણે આપણો સંપર્ક ઘણો ઓછો થઇ ગયો અને દર મહિને જે નવયુગ છપાતું હતું તે કોઇ રીતે શકય બન્યુ નથી. આ વર્ષે દિવાળી અંકમાં વધુમાં વધુ જાહેરાત આપવા દરેક જ્ઞાતિજનોને અને દરેક એકમોને ટહેલ મુકવામાં આવી. હાલની પરિસ્થિતિથી વાકેફ થઇ ઘણા વર્ષો થવા આવ્યા છતા જાહેરાતના દરમાં કોઇપણ પ્રકારનો વધારો કરવામાં આવેલ નથી ત્યારબાદ તેમની પ્રણાલી મુજબ દિપોત્સવી અંક ૨૦૧૮-૧૯માં સૌથી વધુ રૂા. ૪૦,૦૦૦/-ની સૌથી વધુ જાહેરાત આપનાર સુરત એકમના પ્રમુખશ્રી મુકેશભાઇ પંચોલીનું સન્માન પ્રમુખશ્રી હેમંતભાઇના હસ્તક સ્મૃતિભેટ આપીને કરવામાં આવ્યું. દિપોત્સવી અંક ૨૦૧૯-૨૦માં સૌથી વધુ રૂા. ૩૦,૦૦૦/-ની જાહેરાત આપનાર વડોદરા એકમના પ્રમુખશ્રી દેવાંગભાઇ પી. પંચોલીનું સન્માન પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રીના વરદ હસ્તે સ્મૃતિભેટ આપી કરવામાં આવ્યું. રાજપીપલા એકમના સુરેશભાઇ પંચોલી, વડોદરા એકમના શીલાબેન પંચોલી, મુંબઇ એકમના શ્રી મુકેશભાઇ પંચોલી,કવાંટ એકમના શ્રી પ્રિયાંક પંચોલી, બીલીમોરા એકમના શોભાબેન મિસ્ત્રી અને ધવલ મિસ્ત્રી, અંકલેશ્વર એકમના શ્રી અખિલ મહેતા અને સુરત એકમના શ્રી મુકેશભાઇ પંચોલીને વધુ જાહેરાત લાવવા બદલ સ્મૃતિભેટ આપી હતી.

શ્રી દિનેશભાઇએ બીજી વ્યથા જણાવી હતી કે દરેક સભ્યો પોતાના બદલાયેલા સરનામાની જાણ કરે જેથી કરીને દરેક અંક તેઓને વ્યવસ્થિત રીતે મળતા રહે. દિવાળી અંક રીટર્ન થાય તો તે ખર્ચ નવયુગના શીરે આવે છે.. દરેક એકમના નવા નિમાયેલા પ્રમુખશ્રી તેમજ એકમના સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોના સરનામા ફોન નંબર વિગેરે વિગતો નવયુગને મોકલે જેથી કરીને સુધારા કરી શકાય. મહામંડળના નવા પ્રમુખશ્રીને વિનંતી કરવાની કે હાલમાં ખરેખર જેટલા એકમો સક્રિય હોય તેવા તમામ પ્રમુખ-મંત્રી સાથે ચર્ચા કરશો જેથી કોઇ એકમ બંધ થયુ હોય તો તેની જાણ થાય. અંતમાં તેમણે એક સુચન કર્યુ કે તેઓ દરેક એકમના હાલના પ્રમુખ મંત્રીને સભ્યનું લીસ્ટ મોકલશે જે તેઓ કન્ફર્મ કરીને પ્રાપ્ત કરશે જેથી નાણાંનો વ્યય ના થાય.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સંલગ્ન સંસ્થાઓએ ગત વર્ષે દરમ્યાન કરેલ કામગીરીનો ટુંક સાર આપી સભાને માહિતગાર કર્યા.

મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ સી મિસ્ત્રીએ વધુમાં જાણ કરી કે ૧૨ સપ્ટેમ્બરના રોજ પાલ વિભાગની શુભેચ્છા મુલાકાતે ડો. મહેશભાઇ મિસ્ત્રી અને મહામંત્રી શ્રી નિશિકાંત મિસ્ત્રી સાથે ગયા હતાં. આ મુલાકાત વખતે તેમને પાલ વિભાગના પ્રમુખશ્રી કમલેશભાઇ અને મંત્રીશ્રી કૌશિકભાઇ અને બોડેલીના સભ્યોનો પુરા દિવસનો સાથ-સહકાર મળ્યો. દરેક ગામમાં મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યાં. અને મહામંડળ દ્વારા ચાલતી યોજનાની જાણ કરી અને તેમના સાથ સહકારની આશા અને અપેક્ષાની ચર્ચા કરવામાં આવી. બંન્ને મહાનુભાવોએ અમારી સાથે પુરા દિવસનો

પંચોલી નવયુગ શુભચિંતક | કું પૂજા દિનેશચંદ્ર કાલીદાસ પંચોલી યુ.કે. શ્રી પંચોલી સમાજ - બોલ્ટન યુ. કે.

સાથ-સહકાર આપ્યો. સભામાં પ્રમુખશ્રી દ્વારા ચાલતી યોજનામાં સક્રિય થવાની વિનંતી કરી.

મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીએ જણાવ્યું કે પાલ વિભાગની મુલાકાત વખતે સભ્યોની લાગણી એવી હતી કે મહામંડળની સામાન્ય સભા અંકલેશ્વર મુકામે રાખવામાં આવે તો અમને હાજર રહેવાનું સારું રહે. તેમના આ પ્રતિયુત્તરે ડો. મહેશભાઇએ અંકલેશ્વર મુકામે મહામંડળની સભા યોજવાનું એંધાણ આપ્યું અને આજે આપણે પાલ વિભાગના સભ્યોની વિશેષ હાજરી અનુભવી શકીએ છીએ. અંકલેશ્વર એકમને સામાન્ય સભાનું આયોજન સુંદર રીતભાતથી કરવા બદલ અભિનંદન પાઠવી મહામંડળ તરફથી રૂા. ૨૦,૦૦૦/-નો ચેક અંકલેશ્વર એકમના પ્રમુખશ્રી ડો. વિસ્મયભાઇને અર્પણ કરવામાં આવ્યો.

**એજન્ડા ૭ :-** પ્રમુખશ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી એ જણાવ્યું કે મારી આખી ટીમ, અમારા હોદ્દેદારો અને સંલગ્ન સંસ્થાના દરેક હોદ્દેદારોને ચાર વર્ષ પુરા થતા આજની સામાન્ય સભામાં અમારું રાજીનામું આપીએ છીએ અને પુરી ટીમ ફારેગ થતા પ્રણાલી મુજબ હવે પછીની સામાન્ય સભાની કાર્યવાહી હાથ ધરવા માટે તેમજ નવા હોદ્દેદારોની વરણી માટે તાત્કાલીન પ્રમુખ શ્રી મનિષભાઇ એમ. પંચોલીને વિનંતી કરું છું. ત્યારબાદ હાલના હોદ્દેદારોએ સભામાં પોતાનું સ્થાન લીધું. અને તાત્કાલીન પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલીએ સભા સંચાલનની શરૂઆત કરી.

ડો. મહેશભાઇ મિસ્ત્રીએ પ્રમુખશ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીના ચાર વર્ષ પૂર્ણ થતા તેઓએ યુવાનોને સાથે રાખી સમાજને સ્પર્શતા મુદ્દાઓ ઉપર કાર્ય કર્યુ તેઓએ તેમજ તેમના ઘરના સભ્યોએ પણ સમાજલક્ષી ઘણા કાર્યો કર્યા છે. તેનો ઉલ્લેખ કરી કામની સરાહના કરી. શ્રી મનિષભાઇ એમ. પંચોલીએ જણાવ્યું કે હેમંતભાઇએ ચાર વર્ષની અંદર ઘણાં સુંદર કાર્ય કર્યુ છે. સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે મારે ઘણું કાર્ય કરવાનું હતું પણ કોરોનાને કારણે કાર્ય થઇ શક્યું નહીં. બીજી વસ્તુ આપણો સમાજ ઘણો જ નાનો છે અને યુવાનોને કામ સોંપવામાં આવે તો લાંબા સમય સુધી મહામંડળને તેઓ દોરી શકે. બીજો ઉત્તર ગુજરાતમાં પંચોલી સમાજ છે તેની સાથે પણ આપણે જોડાયને આપણે ભવિષ્યમાં કાંઇ કાર્ય કરી શકીએ. તો હવે આપણે સભામાંથી પ્રમુખના નામની દરખાસ્ત લઇએ. મુંબઇના શ્રી મુકેશભાઇ પંચોલીએ જણાવ્યું કે હેમંતભાઇ મિસ્ત્રીને પ્રમુખ તરીકે અને તેમની ટીમને આવતા બે વર્ષ માટે ચાલુ રાખીએ. મુંબઇ એકમનો સંપુર્ણ ટેકો છે. બે વર્ષની અંદર જે કાર્ય નથી થયા તે થાય, શ્રી હેમંતભાઇએ ફંડો ઉભા કર્યા તેમાં વધારો થાય તેવી વાતો કરી. ત્યારબાદ તેમણે પ્રમુખ તરીકે હેમંતભાઇ, મહામંત્રી તરીકે નિશીકાંતભાઇ મિસ્ત્રી, ખજાનચી તરીકે ઉમેશભાઇ પંચોલી અને ઉપપ્રમુખ તરીકે પોતે આઠ વર્ષથી હોય વ્યારાના સભ્ય શ્રી ભરતભાઇ પંચોલી બને તેવી દરખાસ્ત મુકી. સભાનું સંચાલન કરતા મનિષભાઇ પંચોલીએ જણાવ્યું કે ઘણાં વર્ષથી આપણી એવી પ્રણાલી રહી છે કે આ સભા ફક્ત પ્રમુખની નિયુકતી કરે અને નવા પ્રમુખ બીજા હોદ્દેદારો નકકી કરે. એ મુજબ ઉપપ્રમુખશ્રીની વરણી અસ્થાને છે.

ત્યારબાદ તેમણે સભામાં પ્રમુખની નિમણૂંક બાબત મુકી અને જે સભ્ય પોતાનો અભિપ્રાય આપવો હોય તેમને નિમંત્રણ આપ્યું. વ્યારા એકમના પ્રમુખ શ્રી ભરતભાઇએ જણાવ્યું કે અમારા એકમમાં સામાન્ય સભાના એજન્ડા અને તારીખ આવ્યા બાદ અમે કારોબારીની મિટિંગ કરી તેના એજન્ડાની ચર્ચા કરી એજન્ડા નં. સાત મુજબ હોદ્દેદારોની વરણી કરવાની હોય અમારા કારોબારી મિત્રો એ મારા નામની દરખાસ્ત મુકી પણ મેં નારજગી દર્શાવી ત્યારબાદ થોડા દિવસ પછી મારી આગળ અમારા અગાઉના પ્રમુખ શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીએ જણાવ્યું કે મહામંડળના પ્રમુખ તરીકે મને સેવા આપવામાં રસ છે. તો વ્યારા તરફથી મારું નામ મુકવામાં આવે. ત્યારબાદ અમારા સિનિયર મેમ્બરો અને ઓફિસ બેરર સાથેની મિટિંગ યોજવામાં આવી અને એ નકકી કરવામાં આવ્યુ. વ્યારા એકમ તરફથી શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીના નામની મહામંડળના પ્રમુખ તરીકે દરખાસ્ત મુકવી. અમારી મિટિંગ પછી શ્રી હિતેશભાઇએ પોતાની ટીમ માટેની કવાયત શરૂ કરી. શ્રી ભરતભાઇએ વધુમાં

જણાવ્યું કે આપણે તંદુરસ્ત વાતાવરણમાં અને મહામંડળને વધુને વધુ ઉંચાઇએ લઇ જવાનું છે. હું પણ ઘણા વર્ષોથી મહામંડળ સાથે સંકળાયેલો છું, ત્યારબાદ તેમણે વ્યારા એકમ તરફથી શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીનું નામ મહામંડળના પ્રમુખ તરીકે દરખાસ્ત મુકી. શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ પણ તેમના કાર્યકાળ દરમ્યાન ઘણાં સુંદર કાર્ય કર્યા છે. આજની સામાન્ય સભા જે કાંઇ નક્કી કરે તેનો બધાએ આવકાર આપવો જાઇએ.

શ્રી મનિષભાઇ પંચોલીએ જણાવ્યું કે વ્યારા એકમ તરફથી શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીનું નામ દરખાસ્ત કરવામાં આવ્યું છે. હાલના આપણાં હેમંતભાઇ મિસ્ત્રી જે સુરત એકમના છે આપણે વ્યારા એકમ કે સુરત એકમ એવો કોઇ ભેદભાવ નથી. હિતેશભાઇએ અમારી મિટિંગમાં પણ ખુલ્લા દિલથી જણાવ્યું હતું કે ભરતભાઇ તમે ઘણાં વર્ષોથી મહામંડળ સાથે જોડાયેલા છો તો તમે પ્રમુખ તરીકે આવો તો વધુ સારું. આજની આ સભામાં પણ ખુલ્લા દિલથી કોઇ ભેદભાવ કે વાદવિવાદ વગર ચચા- વિમર્શ કરીને નવા પ્રમુખની વરણી થાય તેવી મારી અંતરની ઇચ્છા છે. શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ જણાવ્યું કે આનંદની વાત છે કે મહામંડળના ઇતિહાસમાં પહેલી વખત કોઇ વ્યકિતએ મહામંડળના પ્રમુખ તરીકે પોતાના નામના દરખાસ્તની વાત કરી હોય, અમારા પણ ચાર વર્ષ પુરા થયા છે. તો મારું અંગત માનવુ છે કે શ્રી હિતેશભાઇ ગાંધીનો પ્રમુખ તરીકે શિરપાવ કરવો જોઇએ. અમે મહામંડળમાં કાર્ય કરતા રહીશું એવી ખાત્રી આપી હતી. ડો. મહેશભાઇ મિસ્ત્રીએ શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી મહામંડળના પ્રમુખ તરીકે સુકાન સંભાળે તેવી આશા વ્યકત કરી હતી. સુરત એકમના મંત્રી શ્રી ધવલભાઇ પંચોલીએ શ્રી હિતેશભાઇ ગાંધીનો મહામંડળના પ્રમુખ તરીકે સુરત એકમ તરફથી ટેકો જાહેર કર્યો. અને જણાવ્યું કે થોડા દિવસથી તેઓ મારા સંપર્કમાં રહેતા આવ્યા છે. અંકલેશ્વર એકમના પ્રમુખ શ્રી ડો. વિસ્મયભાઇ મિસ્ત્રીએ શ્રી હિતેશભાઇ પી. ગાંધીને મહામંડળના પ્રમુખ તરીકે અંકલેશ્વર એકમ તરફથી ટેકો જાહેર કર્યો. મનિષભાઇ પંચોલીએ શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીની શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના આગામી બે વર્ષ માટે પ્રમુખશ્રી તરીકેની વરણી કરવામાં આવે છે એવી જાહેરાત કરી. શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીએ, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના અગામી બે વર્ષ માટે પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી તે માટે આજની સામાન્ય સભાના દરેક સભ્યોનો આભાર માની મંચ ઉપર બિરાજમાન થઇ પ્રમુખ તરીકેનું સ્થાન ગ્રહણ કર્યુ. શ્રી મનિષભાઇ એમ. પંચોલીએ શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીને સામાન્ય સભાની હવે પછીની કાર્યવાહી હાથ ધરવા તથા હોદ્દેદારોની નિમણૂંક કરવા આમંત્રણ આપી મહામંડળના અગામી બે વર્ષ માટે પ્રમુખ તરીકેની કામગીરીમાં સંપૂર્ણ સફળતા મળે તેવી શુભેચ્છા અને અભિનંદન પાઠવી જણાવ્યું કે મારા પ્રમુખ તરીકેના કાર્યકાળમાં આપ સહુના સાથ સહકારથી કાર્ય કર્યુ અને ત્યારબાદ શ્રી હેમંતભાઇ મિસ્ત્રીના કાર્યકાળમાં આઇ.પી.પી તરીકે ફરજ બજાવી હવે મારી ફરજ પુરી થાય છે. અને હવે આઇ.પી.પી તરીકે શ્રી હેમંતભાઇ મિસ્ત્રીને આમંત્રણ આપી તેમણે સભામાં પોતાનું સ્થાન લીધું. શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના આગામી બે વર્ષ માટે પ્રમુખ તરીકેની કામગીરી હાથ ધરવા પહેલા હાજર સભ્યોએ મારામાં જે વિશ્વાસ મુકયો છે તેને સાર્થક કરવા જે મહેનત અને કાર્ય કરવાનું હોય તે તમામ દરેક સભ્યોના સાથ અને સહકારથી કરીશું. મારા જીવનમાં મહામંડળ મારા જન્મતાની સાથે જ જોડાયેલ છે. મારા દાદા સ્વ. વિઠ્ઠલદાસ મકનજી ગાંધી જેમણે મહામંડળની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. મારા પિતાશ્રી શ્રી પ્રશાંતભાઇ વિઠ્ઠલદાસ ગાંધીએ મહામંડળના પ્રમુખ તરીકે સુકાન સંભાળ્યું હતું. તેમાંથી પ્રેરણા લઇ મને પણ મહામંડળમાં સેવા કરવાની ઇચ્છા જાગી અને પ્રમુખ તરીકેની જવાબદારી લેવાનું નક્કી કર્યુ.

શ્રી હિતેશભાઇ પી. ગાંધીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના અગામી બે વર્ષ માટે પ્રમુખ તરીકેની કામગીરી શરૂ કરતાં હોદ્દેદારોની નિમણુંકથી પ્રારંભ કર્યો. એમના વ્યકતવ્યમાં જણાવ્યું કે પાલ વિભાગ મહામંડળથી નારાજ હોય કે કોઇ બીજુ કારણ હોય પણ

મહામંડળથી અલિપ્ત રહીને કાર્ય કરે છે પણ હવે તેઓ પણ આપણી સાથે જોડાયેલા રહીને કાર્ય કરે તેવી સંભાવના વધારતા ઉપપ્રમુખ તરીકે પાલ વિભાગ બોડેલીના શ્રી કમલેશભાઇ પંચોલી તેમજ મહામંડળની પ્રણાલી ના હોવા છતાં બીજા ઉપપ્રમુખ જે છેલ્લા કેટલાક વર્ષોથી ઉપપ્રમુખ તરીકે કાર્યરત એવા મુંબઇ એકમના શ્રી મુકેશભાઇ પી. પંચોલીના નામની દરખાસ્ત કરવામાં આવી. ત્યારે સુરત એકમ તરફથી શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ જણાવ્યું કે મુંબઇ એકમના દરેક સભ્યો મહામંડળ સાથે એકટીવ થાય, નવયુગમાં દિવાળીમાં વધુ જાહેરાત આપે તે શરતે ટેકો આપવા તૈયાર છે. સભામાં સર્વે સભાજનોએ નક્કી કર્યુ કે દરેક હોદ્દાને ટેકો જાહેર કરવા કરતા બધી નિમણૂંક થઇ જાય ત્યારબાદ એક જ વખત ટેકો જાહેર કરી સર્વાનુમતે મંજુર કરવામાં આવે.

પ્રમુખશ્રી હિતેશભાઇએ શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષ તરીકે વ્યારાના શ્રી ભરતભાઇ સી. પંચોલીનું નામ જાહેર કરવામાં આવ્યું ત્યારે તેના પ્રતિસાદરૂપે શ્રી ભરતભાઇએ જણાવ્યું કે એક વખત શ્રી મનિષભાઇ પ્રમુખ બન્યા તે પછી હમણાં પણ પ્રમુખ પદ, એમ બે વખત મહામંડળનું પ્રમુખપદ જતુ કર્યુ છે. તો શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષ તરીકે પદ લેવાની મારી કોઇ મહેચ્છા નથી. શ્રી હિતેશભાઇ તમારી સાથે રહી તમને સતત મદદ અને માર્ગદર્શન આપતો રહીશ. વર્ષોથી પદ વગર પણ મહામંડળમાં કાર્ય કર્યુ જ છે. એમ કહી તેમણે સવિનય પદ સ્વીકારવાની ના પાડી. ત્યારબાદ ચર્ચા વિચારણા બાદ વ્યારા એકમના સમાજ સુરક્ષા યોજનાના સક્રિય કાર્યકર એવા નવિનભાઇ વી. પંચોલીની વરણી કરવામાં આવી. પ્રમુખશ્રી હિતેશભાઇએ શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના મંત્રી તરીકે ફરીથી વ્યારાના શ્રી ભરતભાઇ સી. પંચોલીનું નામ જાહેર કરવામાં આવ્યું. ભરતભાઇ પંચોલીએ સખેદ જાણ કરી કે મારે મહામંડળમાં કોઇ પદ લેવાની ખેવના જ નથી. શ્રી હિતેશભાઇ તમારી સાથે રહી તમને સતત મદદ અને માર્ગદર્શન આપતો રહીશ.

પ્રમુખશ્રી હિતેશભાઇએ નીચે મુજબના નામની દરખાસ્ત મુકી

પ્રમુખ-શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી-વ્યારા
ઉપપ્રમુખ-શ્રી કમલેશભાઇ આર. પંચોલી-પાલવિભાગ
ઉપપ્રમુખ-શ્રી મુકેશભાઇ પી. પંચોલી-મુંબઇ
તત્કાલીન માજીપ્રમુખ-
શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત(હોદ્દાની રૂએ)
મહામંત્રી-શ્રી જયેશભાઇ સી. પંચોલી-રાજપીપલા
સહમંત્રી-શ્રી દેવાંગભાઇ પી. પંચોલી-વડોદરા
ખજાનચી-શ્રી અંકિતભાઇ પી. પંચોલી-વ્યારા

પંચોલી નવયુગ
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર
સહતંત્રી-મલય દિનેશભાઇ મિસ્ત્રી-અંકલેશ્વર

સ્વ. સી. ટી.સ્મારક નિધિ
અધ્યક્ષ-શ્રી ધવલ જે. પંચોલીસુરત
મંત્રી -શ્રી નિલેશ જે. પંચોલી
સહમંત્રી શ્રી પ્રદીપ એ. મહેતા-સુરત

સ્વયં યુવા સંગઠન
અધ્યક્ષ -શ્રી ધર્મેશ સી. પંચોલી-વડોદરા
મંત્રી-જય એમ. પંચોલી-વડોદરા
સહમંત્રી તેજ નવિનભાઇ પંચોલી-વ્યારા
સહમંત્રી-સમીર જે. પંચોલી-નવસારી

તબીબી સેવા સંકુલ
અધ્યક્ષ-ડો. વિસ્મય એમ. મિસ્ત્રી-અંકલેશ્વર
મંત્રી-શ્રી પારસ મનુભાઇ મિસ્ત્રી-અંકલેશ્વર

મહિલા સંગઠન
અધ્યક્ષા-શ્રીમતિ ગીતાબેન જયેશભાઇ ગાંધી-વ્યારા
મંત્રી-શ્રીમતિ નયનાબેન એન. પંચોલી-રાજપીપલા
સહમંત્રી-શ્રીમતિ અમિષાબેન એ. પંચોલી-અંકલેશ્વર

વેબસાઇટ
એડમીન-શ્રી પ્રતિક પી. પંચોલી-સુરત
કો.એડમીન-શ્રી સ્વપ્નીલ ડી. પંચોલી-સુરત

પંચોલી સમાજ સુરક્ષા યોજના
અધ્યક્ષ-શ્રી નવિનભાઇ વી. પંચોલી-વ્યારા
મંત્રીશ્રી રાજેશભાઇ પી. ગાંધી-સુરત
સહમંત્રી -શ્રી રાકેશભાઇ પી. ગાંધી-વ્યારા

ઇન્ટરનેશનલ યુવા સંગઠન
અધ્યક્ષા-શ્રીમતિ મૃદુતા પ્રતિક પંચોલી-સુરત

મંત્રી-શ્રીમતિ ટવીંકલ જી. પંચોલી-બીલીમોરા

ઍડવાયઝરી કમિટી

ડૉ. મહેશભાઇ મોહનલાલ મિસ્ત્રી-અંકલેશ્વર

શ્રી કિરણભાઇ ઍમ. પંચોલી-મુંબઇ

શ્રી મનિષભાઇ મોહનલાલ પંચોલી-વ્યારા

શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી-સુરત

શ્રી ચન્દ્રકાંત જે. પંચોલી-રાજપીપલા

શ્રી પદ્માકાંતભાઇ પંચોલી-વડોદરા

ડૉ. ભુપેન્દ્રભાઇ સી. પંચોલી-મુંબઇ

પ્રમુખશ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીએ ઉપર મુજબની નામની દરખાસ્ત મુકી હતી અને સભામાં સર્વ સભાજનોએ સર્વાનુમતે મંજુરી આપી.

ડૉ. મહેશભાઇ મિસ્ત્રી દ્વારા નવા વરાયેલા સર્વે હોદ્દેદારોની શપથવિધિ કરાવી અને શુભેચ્છા પાઠવી. સામાન્ય સભામાં હોદ્દેદારોની વરણી ખુબ જ શાંતિપૂર્ણ અને આનંદમય વાતાવરણમાં સર્વના સહકારથી પરીપૂર્ણ થઇ તેનો સંતોષ વ્યકત કર્યો.

નવા વરાયેલા પ્રમુખશ્રી હિતેશભાઇ ગાંધીએ પોતાની વિઝન સ્પીચમાં જણાવ્યું કે કરોના ના કારણે જે બાકી રહેલ કામો ઝડપથી પુરા કરવામાં આવશે તેની ખાત્રી આપી તેમજ સાથે સથે સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોને પૂર્ણ નિષ્ઠાથી કાર્ય કરવાનું સુચન કર્યુ.

**એજન્ડા ૯ઃ-** પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કામો. પ્રમુખશ્રી હિતેશભાઇ ગાંધીની મહામંડળના પ્રમુખ તરીકેની નિમણુંક થતાની સાથે જ દાનવીરો તરફથી મહામંડળને દાન મળવાના શરૂ થયા. નવા નિમાયેલા ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ આર. પંચોલી-બોડેલી તરફથી ગં.સ્વ. ઉર્મિલાબેન રસિકભાઇ પંચોલીના સ્મરણાર્થે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૧,૧૧,૧૧૧/- અંકે રૂા. એક લાખ અગીયાર હજાર એકસો અગીયાર પુરા વિધવા સહાય ફંડ તરીકે તથા સ્વ. રસિકભાઇ છીતાભાઇ પંચોલીના સ્મરણાર્થે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૧,૧૧,૧૧૧/- અંકે રૂા. એક લાખ અગીયાર હજાર એકસો અગીયાર પુરા તબીબી સહાય ફંડ તરીકે આપવાની જાહેરાત કરી. હાજર સભ્યોએ અભિનંદન આપી તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

કેનેડા નિવાસી સ્વ. જીતેન્દ્રભાઇ રણછોડભાઇ પંચોલીના સ્મરણાર્થે ગં.સ્વ. નયનતિકાબેન જીતેન્દ્રભાઇ પંચોલીના કુટુંબીજનો તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા સહાય માટે રૂા. ૧૧,૦૦૦/- અંકે રૂપિયા અગીયાર હજાર પુરાનું દાન મળ્યું. તેમનો પણ હાજર સભાસદોએ અભિનંદન આપી આભાર વ્યકત કર્યો.

યુવા સંગઠન અધ્યક્ષ શ્રી ધર્મેશભાઇ દ્વારા તા. ૨૩.૧૦.૨૦૨૧ના રોજ વડોદરા મુકામે સુપ્રસિધ્ધ વૃષભ ગાયકવૃંદ ની સાથે ગરબાના કરેલ આયોજનમાં સર્વે જ્ઞાતિજનોને પધારવાનું આમંત્રણ આપવામાં આવ્યું.

એજન્ડા નં. ૧૦ :- ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પી. પંચોલીએ હાજર રહેલ તમામ જ્ઞાતિજન સભાસદ મહામંડળની સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોએ પ્રમુખશ્રીના સ્વાગત પ્રવચનમાં કહેલ પોઝેટીવ એટીટયુડ રાખી, યોગ્ય વાતાવરણ બનાવી સમાજ માટે યોગ્ય નિર્ણય લેવામાં સિંહ ફાળો આપ્યો અને તેમનું માન જળવાયુ તે બદલ સર્વેનો હૃદયપૂર્વક આભાર માન્યો. તદઉપરાંત અંકલેશ્વર એકમના સદસ્યો દ્વારા કરવામાં આવેલ સ્વાગત તથા સ્મૃતિભેટથી નવાજ્યા. સામાન્ય સભાનું સુંદર આયોજન કરવા બદલ આભારની લાગણી પ્રદર્શીત કરી. પ્રમુખશ્રી હિતેશભાઇ ગાંધીએ સામાન્ય સભાને પૂર્ણ થયાની જાહેરાત કરી. અંકલેશ્વર એકમ તરફથી દરેકસભ્યને સ્વાદિષ્ટ ભોજન ગ્રહણ કરવાનું આમંત્રણ આપ્યું.

જયેશભાઇ સી. પંચોલી-મહામંત્રીશ્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## પંચોલી સમાજ-વડોદરા

વડોદરા નિવાસી અશ્વિનભાઇ એમ. પંચોલી તરફથી ૩૨મી મેરેજ અનીવર્સરી નિમિત્ત રૂા. ૫૦૧/- પંચોલી સમાજ વડોદરાને ભેટ આપ્યા છે...

પંચોલી સમાજ વડોદરા દાતાશ્રીનો આભાર માને છે...

# સમાજ સુરક્ષા યોજના મિટિંગ

તા. ૧૦.૧૦.૨૦૨૧ના રોજ પંચોલી સમાજ સુરક્ષા યોજનાની મિટિંગ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના નેજા હેઠળ મહામંડળની મિટિંગ સાથે અંકલેશ્વર મુકામે સવારે ૯.૧૫ કલાકે યોજવામાં આવી. નીચે મુજબના એજન્ડા મુજબ કાર્યવાહી કરવામાં આવી.

એજન્ડા ૧ : મિટિંગ કોલ બાય ઓર્ડર પ્રમુખશ્રી.. મિટિંગની શરૂઆતમાં અંકલેશ્વર એકમના અમિષાબેને મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રી, મહામંત્રીશ્રી નિશિકાંત બી. મિસ્ત્રી, સમાજ સુરક્ષા યોજનાના પ્રમુખશ્રી નવિનભાઇ સી. પંચોલી તથા મંત્રીશ્રી રાજેશભાઇ પી. ગાંધીને ડાયસ પર બિરાજવાનું નિમંત્રણ આપ્યું. સૌએ સ્થાન ગ્રહણ કરતા મિટિંગની શરૂઆત પ્રભુપ્રાર્થનાથી કરવામાં આવી.

એજન્ડા નં. ૨ : ગત વર્ષ માં દિવંગત પામેલ સભ્યોને શ્રધ્ધાંજલી : સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષ નવિનભાઇ સી. પંચોલીએ ગત વર્ષમાં દિવંગત થયેલ સભ્યોએ હાજર રહેલ સૌ સભ્યોએ ઉભા થઇ બે મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

એજન્ડા નં. ૩ : ગત સામાન્ય સભાની મિનિટસને મંજુરી આપવા બાબત :- મંત્રીશ્રી રાજેશભાઇ પી. ગાંધીએ ગત સામાન્ય સભા તા. ૧:.૫.૨૦૨૨ના રોજ મળી હતી. જેમાં ઠરાવ નં. ૧ થી ૯ નું વાંચન કર્યુ જેને સામાન્ય સભાએ સર્વાનુમતે મંજુરી-બહાલી આપી.

એજન્ડન નં. ૪ :- શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના વર્ષ ૨૦૨૦-૨૧ના હિસાબોને મંજુરી આપવા બાબત :- મંત્રીશ્રી રાજેશભાઇએ વર્ષ ૨૦૨૧-૨૨ના હિસાબોનું વાંચન આજની સભામાં કર્યુ જેને ચર્ચા-વિચારણાને અંતે મંજુરી આપવામાં આવી.

એજન્ડા નં. ૫ :- શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ-વ્યારાના એજન્ડા :-

(અ) સમાજ સુરક્ષા યોજનાની સામાન્ય સભા અલગ અલગ સભાસદો પુરતી બોલાવવા બાબત - વ્યારા એકમના પ્રમુખશ્રી ભરતભાઇ સી. પંચોલીએ આ અંગેની રજુઆત કરી અને મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇએ સમાજ સુરક્ષા યોજનાની મિટિંગ મહામંડળના નેજા હેઠળ રાખવાની રજુઆત કરી. વ્યારાના શ્રી મનિષભાઇ પંચોલી તેમજ અન્ય સભ્યોએ જણાવ્યું હતું કે કોઇ એકમ પોતાના એકમમાં પોગ્રામ/મિટિંગ રાખે ત્યારે સમાજ સુરક્ષા યોજનાની મિટિંગ રાખી શકાય.

મહામંડળના પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે સમાજ સુરક્ષા યોજનાના હોદ્દેદારોની નિમણુંક મહામંડળની મિટિંગ સામે કરવા જણાવ્યું હતું. તે સર્વે સભ્યોએ આ બાબત મંજુર કરી હતી.

(બ) સમાજ સુરક્ષા યોજનાના તમામ હિસાબો તમામ સભ્યોને મળે એવું આયોજન કરવા બાબત : વ્યારા એકમના પ્રમુખશ્રી ભરતભાઇ દ્વારા જણાવ્યું હતું કે સમાજ સુરક્ષા યોજનાનું 'વોટસએપ' ગ્રુપ બનાવી દરેક સભ્યોને તેમાં સામેલ કરવા અને હિસાબો તેમને ડિજીટલ ફોર્મેટમાં પહોંચાડવા. હેમંતભાઇ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે દરકે એકમના હોદ્દેદારો પોતાનું સમાજ સુરક્ષા યોજનાનું અલગ ગ્રુપ બનાવી તેમાં હિસાબો મોકલી શકાય.

(ક) અગાઉની સામાન્ય સભા મુજબ સમાજ સુરક્ષા યોજનાના ફંડના રોકાણ બાબત.

મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ તથા અંકલેશ્વરના ડૉ. મહેશભાઇ મિસ્ત્રીના જણાવ્યા મુજબ બેંકમાં એફ.ડી. કરતા મ્યુચ્યુઅલ ફંડમાં વળતર વધુ આવતું હોવાથી તે પ્રમાણે ચાલુ રાખવા જણાવ્યું હતું. વ્યારા એકમના પ્રમુખશ્રી ભરતભાઇએ જણાવ્યું હતું કે. ૫૦% એફ.ડીમાં અને ૫૦%મ્યુચ્યુઅલ ફંડમાં રાખવા જણાવ્યું હતું. પરંતુ સર્વ સંમતિથી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ ચાલુ રાખવા નિર્ણય કરાયો હતો.

(ડ) દર વર્ષે આપવાનો થતો વાર્ષિક ફાળાની રકમ ફિકસ કરવા બાબત અને વધારાની રકમ જરૂર પડે તો વ્યાજમાંથી વસુલાત કરવા બાબત..

વ્યારા એકમના પ્રમુખશ્રી ભરતભાઇ પંચોલીએ આ

બાબતે સુચન કર્યુ હતુ કે સમાજ સુરક્ષા યોજનાના સભ્યોની વાર્ષિક ફી રૂા. ૨૫૦ થી રૂા. ૩૦૦ રાખવા વિનંતી કરી. તેમજ વહીવટી ખર્ચ રૂા. ૫ લઇ વાર્ષિક ફાળો રૂા. ૨૦ રાખવો અને બાકીની રકમ ઘટે તો વ્યાજમાંથી લઇ સભ્યોને વળતર ચુકવવું એવુ સુચન કર્યુ હતું. મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇએ વાર્ષિક ફી ૪૦૦ રાખવા વિનંતી કરી હતી. વિસ્તૃત ચર્ચાને અંતે વાર્ષિક ફાળો રૂા. ૩૦૦/- ૩ વર્ષ માટે રાખવો અને મરણ થયેલ સભ્યોને ૩૦,૦૦૦/- ત્રણ વર્ષ માટે ચુકવવાનું નકકી કરાયું હતું તેમજ સભ્ય ફી ૩૧.૦૩.૨૦૨૨ સુધી રાખવાનું નકકી કર્યુ હતું.

સમાજ સુરક્ષા યોજનાના નવા સભ્યોની દાખલ ફી નીચે મુજબનું રાખવાનું નકકી કર્યુ.

(૧) ૫ થી ૨૦ વર્ષના સભ્ય માટે રૂા. ૧૦૦૦/-
(૨) ૨૧ થી ૩૦ વર્ષના સભ્ય માટે રૂા. ૧૫૦૦/-
(૩) ૩૧ થી ૪૦ વર્ષના સભ્ય માટે રૂા. ૨૦૦૦/-
(૪) ૪૧ થી ૪૫ વર્ષના સભ્ય માટે રૂા. ૩૦૦૦/-
(૫) ૪૬ થી ૫૦ વર્ષના સભ્ય માટે રૂા. ૭૦૦૦/-

અને જે તે વર્ષની વાર્ષિક ફાળાની રકમ વસુલ લેવી.

એજન્ડા નં.૬ઃ પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે :- સમાજ સુરક્ષા યોજનાના સભ્ય શ્રી નવિનભાઇ સી. પંચોલીએ અંકલેશ્વર એકમામ સૌ સભ્યોનો મિટિંગ રાખવા બદલ આભાર માન્યો અને રૂા. ૫૦૦૦/-નો ચેક અંકલેશ્વર એકમના પ્રમુખશ્રીને અર્પણ કર્યો.

એજન્ડા નં. ૭ :- વોટસ ઓફ થેંકસ મંત્રીશ્રી -સમાજ સુરક્ષા યોજનાના મંત્રીશ્રી રાજેશભાઇ ગાંધીએ દરેક એકમમાંથી આવેલ સભ્યોનો મિટિંગમાં સમયસર હાજરી આપી તે બદલ, અંકલેશ્વર એકમના પ્રમુખ તથા સભ્યોનો આભાર માન્યો ૧૧.૩૦ કલાકે સમાજ સુરક્ષા યોજનાની સભા પૂર્ણ કરેલી જાહેર કરી.

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૭ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

S.S.C. અને H.S.C. મા
**માર્કસીટ પાછળ પર્સન્ટાઇલના ટકા કરી લખી મોકલવા વિનંતી...**

❖ S.S.C. માં **૬૫** % કે તેથી વધુ ગુણ....

❖ H.S.C. માં **૬૫** % કે તેથી વધુ ગુણ મેળવનાર....

❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરૂં સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઈચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે

❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.

❖ **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૨૨ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી.**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ, ડો. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

## PANCHOLI SAMAJ U.K.

# Widow Benevolent Fund

### Income & Expenditure Account for the year ended 31st Dec.2021

| | £ 2021 | £ 2020 |
|---|---|---|
| **Income:** | | |
| Donation received from community members | 7,495 | 7,344 |
| Interest received | 8,601 | 9,729 |
| Donation received Pancholi Medical Foundation | 426 | - |
| | **16,522** | **17,073** |
| **Expenditure:** | | |
| Bank charges | 41 | 5 |
| Donation – India (medical help) | 426 | 8,000 |
| | **467** | **8,005** |
| | **16,055** | **9,068** |
| **Less:** | | |
| Corporation Tax | (1,634) | (1,848) |
| **Income transferred to accumulated fund** | **£14,421** | **£7,220** |

### Balance Sheet as at 31st Dec.2021

| | 2021 | 2020 |
|---|---|---|
| **Current Assets:** | | |
| Cash at Bank: Current Account | 22,789 | 17,452 |
| Long Term Fixed Deposit | 111,288 | 103,773 |
| Short Term Fixed Deposit (Medical) | 8,549 | 8,105 |
| | 142,626 | 129,330 |
| Corporation Tax Payable | (1,634) | (1,848) |
| | **140,992** | **127,482** |
| **Represented by:** | | |
| **Accumulated Fund** | | |
| Balance as at 1st January 2021 | 127,482 | 126,797 |
| Income for the year | 14,421 | 7,220 |
| Exchange difference | (911) | (6,535) |
| | **£140,992** | **£127,482** |

In accordance with instructions given to us, we have prepared the annexed financial statement from the accounting records of Pancholi Samaj Widow Benevolent Fund( a non profit making organisation) and from information and explanations supplied to us. We certify that they are in accordance there with.

**Pancholi & Associates**
**Certified Public Accountants**
**Honorary Auditors**
**143 Loughborough Road,**
**Leicester, LE4 5LR**
**22nd April 2022**

## પંચોલી સમાજ યુ.કે.
# પંચોલી વિધવા સહાય ફંડ

**તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૧ના રોજ આવક જાવકનું ખાતુ-ભારત**

| આવક | | જાવક | |
|---|---|---|---|
| ૧૮,૧૪૧.૦૦ | વ્યાજ આવક(ઈન્ડિયા) | ૩,૪૮,૦૦૦.૦૦ | પ્રતિમાસ વિધવા સહાય |
| ૪૩,૦૦૦.૦૦ | ડોનેશન યુ.કે. તરફથી(મેડીકલ ફંડ) | ૧,૦૨,૦૦૦.૦૦ | દિવાળી સહાય |
| | | ૪૧,૦૦૦.૦૦ | મેડીકલ સહાય |
| ૬૧,૧૪૧.૦૦ | | ૪,૯૧,૦૦૦.૦૦ | |

વર્ષના અંતમાં પુંજીમાં ચોખ્ખી જાવક - ૪,૨૯,૮૫૯.૦૦

**તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૧ના રોજ સરવૈયુ-ભારત**

| વર્તમાન જમા પુંજી | | ફંડ અને જવાબદારી | |
|---|---|---|---|
| ૩,૯૩,૪૧૬.૦૦ | ICICI બેંક | ૮,૪૭,૨૦૯.૦૦ | ચોખ્ખી વર્તમાન પુંજી(૧.૧.૨૦૨૧) |
| ૫,૪૪૨.૦૦ | ટેક્સ કપાત લેવાના બાકી | (૪,૨૯,૮૫૯.૦૦) | વર્ષના અંતમાં પુંજીમાં ચોકખો જાવક ઘટાડો |
| ૧૮,૪૯૨.૦૦ | મર્કનટાઈલ કો.ઓ.બેંક નવાપુર | | |
| ૪,૧૭,૩૫૦.૦૦ | કુલ સરવાળો | ૪,૧૭,૩૫૦.૦૦ | કુલ સરવાળો |

**ઉપરોક્ત જમા ઉધારનું સરવૈયું**

શ્રી પંચોલી વિધવા નિરાધાર સહાય ફંડ-યુ.કે. અને ભારત દ્વારા અપાયેલ માહિતી અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે અને તે બરાબર છે.

**૨૨.૦૪.૨૦૨૨** **પંચોલી એન્ડ એસોશીયેટ**

**ટ્રસ્ટી મંડળ**

શ્રી ભોગીલાલ ગણપતરામ પંચોલી શ્રી ઉમાકાંતભાઇ ગણપતભાઇ પંચોલી

શ્રી સુધીરભાઇ ભીખુભાઇ પંચોલી શ્રી બળવંતરાય ઝીણાભાઇ પંચોલી

શ્રી અમીત ઇન્દ્રવદનભાઇ પંચોલી

## પંચોલી સમાજ યુ.કે.
# પંચોલી વિધવા સહાય ફંડ

શ્રી પંચોલી સમાજ યુ.કે. સંચાલિત પંચોલી વિધવા સહાય ફંડ અત્યારે ૫૦માં વર્ષમાં છે.. પરદેશમાં રહી દેશની વિધવા બહેનોને સહાય કરવાનું ભગીરથ કાર્ય ૫૦ વર્ષથી કરી રહ્યા છે... અને સમયાનુકુળ એમાં વધારો પણ કરતા ગયા છે.... આ વર્ષથી પ્રતિમાસ રૂા. ૧,૧૦૦/- આપશે.. તથા દિપોત્સવી પ્રસંગે ૨,૦૦૦ જેટલી રકમ આપે છે... આ યોજનાનો લાભ ભારતની ૪૦ થી ૪૨ બહેનોને મળે છે... આપે આ યોજનામાં નિયમિત દાન આપનાર દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ કે આ ભગીરથી ગંગા આપના દાનને કારણે જ શકય બની છે... આભાર..

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી મોહનભાઈ ભગવાનજી પચોલી મુંબઈ | શ્રી કિશોરભાઈ જમનાદાસ મિસ્ત્રી મુંબઈ

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ

## અમૃત રામનવમી એવમ નવચંડી યજ્ઞોત્સવ ૨૦૨૧-૨૨





શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ, શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇ, આવિષ્કાર ગ્રુપ-મુંબઇ વાર્ષિક સામાન્ય સભાનું આયોજન રવિવાર તા. ૧૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી રાધાકૃષ્ણ બેન્કવેટ એસી. હોલ મીરારોડ ખાતે યોજવામાં આવી હતી. જેમાં નીચે જણાવેલ એજન્ડા ઉપર ચર્ચા-વિચારણા તેમજ મંજુરી લેવામાં આવી હતી.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ વર્ષ ૭૭ વર્ષ ૨૦૨૧-૨૨ અમૃત રામનવમી એવમ નવચંડી યજ્ઞોત્સવનું અમૃત આયોજન સવારે ૮.૩૦ કલાકે પ્રારંભ કરાયુ. આ યજ્ઞોત્સવના લાભાર્થી યજમાનો (૧) શ્રીમતિ મીનાબેન અને શ્રી કમલભાઇ ગુલાબદાસ કાપડિયા-મીરારોડ, (૨) શ્રીમતિ કાજલબેન અને શ્રી જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર (૩) શ્રીમતિ ખ્યાતિ અને શ્રી કૌશલ નિલેશભાઇ મિસ્ત્રી-વિરાર

આજરોજ પધારેલ તમામ સભ્યો, કાર્યકતાઓ દ્વારા કરવામાં આવેલ આયોજનથી સૌ ખુશ હતા. સવારે ૮.૩૦ કલાકે સાબુદાણા વડા અને ચ્હા-કોફી નો ફરાળી અલ્પાહાર માણ્યો.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વર્ષ ૨૦૨૧-૨૦૨૨ની વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી મંત્રીશ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી દ્વારા સવારે ૯.૪૫ કલાકે લગભગ ૨૫૦ સભ્યોની હાજરીમાં કરવામાં આવી. સૌ પ્રથમ પ્રમુખશ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, આજરોજના અધ્યક્ષશ્રી યુગાંતર શ્રીમાન મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી, અધ્યક્ષા શ્રીમતિ અનુરાધાબેન મુકેશભાઇ પંચોલી, શ્રી પ.સે.સ. મહામંડળના પ્રમુખશ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી, ઉપપ્રમુખ શ્રી વિશાલ કમલ કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી, શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ ના પ્રમુખ શ્રીમતિ અનુરાધાબેન ચેતન કાપડિયા, યુવામંચ આવિષ્કાર ગ્રુપનાં પ્રમુખ શ્રી હર્ષ ભાવિક કાપડિયા, ખજાનચી શ્રી કુંતલભાઇ પ્રફુલભાઇ પંચોલી અને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ઓડિટર પંચોલી યુગાંતર શ્રીમાન કિરણભાઇ મણીલાલ પંચોલી આ સર્વેને પોતપોતાનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી.

પ્રમુખશ્રી રાહુલભાઇએ આજરોજના અધ્યક્ષ શ્રી યુગાંતર મુકેશભાઇ પંચોલી અને મહામંડળના પ્રમુખ શ્રી હિતેશભાઇનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. ભગીની સમાજ મુંબઇના પ્રમુખ અનુરાધાબેન કાપડિયાએ આજરોજના અધ્યક્ષા શ્રીમતિ અનુરાધા મુકેશભાઇ પંચોલીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. સાથે સાથે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા રચાયેલ પંચોલી ગીત સભાખંડમાં ગુંજી રહ્યું. વાર્ષિક સામાન્ય સભાની રજુઆત કરતાં પહેલા સભામાં હાજર સર્વે સભ્યોએ રાષ્ટ્રગીત જન..ગન..મન..ને માન આપી સન્માનિત કર્યુ. પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રીએ વિશેષ પ્રવચન દ્વારા સૌને પ્રભાવિત કર્યા.

આજરોજના અધ્યક્ષશ્રી પંચોલી યુગાંતર શ્રી મુકેશભાઇ પંચોલીએ આશિષ વચનો કહ્યા. ત્યારબાદ મંત્રીશ્રી દ્વારા મહામંડળના પ્રમુખશ્રી હિતેશભાઇ ગાંધીને સંબોધિત કરવા આમંત્રીત કર્યા. એમણે કહ્યું કે સૌ પંચોલી એકમોને એકજુથ રહી કાર્ય કરવા પ્રેરીત કર્યા. હાજર રહેલ સૌ સભ્યોને કોલ્ડ ડ્રીંક્સ આપવામાં આવ્યું. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના સહમંત્રી શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી દ્વારા આજરોજના અધ્યક્ષ સ્થાને બિરાજમાન પંચોલી યુગાંતર શ્રી મુકેશભાઇ પંચોલી સાથે અધ્યક્ષા શ્રીમતિ અનુરાધા પંચોલીને ૧૦ ગ્રામ ચાંદીનો સીક્કો આપી સ્વાગત તથા બહુમાન કરાયું. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને ૧૦ ગ્રામ ચાંદીનો સીક્કો અમૃત ઉત્સવની યાદગીરી નિમિત્તે ભેટ આપવામાં આવ્યો જેને હાલના મહામંડળના પ્રમુખ શ્રી હિતેશભાઇ ગાંધી-વ્યારા ના હસ્તે અર્પણ કરવામાં આવ્યો. આજરોજના અધ્યક્ષશ્રી પંચોલી યુગાંત્તર શ્રીમાન મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી તરફથી ૫,૧૧૧/- રૂા. ભેટ મળ્યા. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી હિતેશભાઇ પ્રશાંભાઇ ગાંધી તરફથી રૂા. ૨,૫૦૦/- ભેટ મળ્યા....

મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી દ્વારા વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી એજન્ડા પ્રમાણે શરૂ કરવામાં આવી.

એજન્ડા : ૧ : વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ દરમ્યાન સ્વર્ગવાસ પામેલ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના તમામ સભ્યોને શ્રધ્ધાંજલી :- દેવલોક પામેલ તમામ સભ્યો માટે પોતાની જગ્યા પર ઉભા રહી બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી સમર્પિત કરી.

એજન્ડા : ૨ : શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની તમામ સંલગ્ન સંસ્થાઓ, લીલાવતી છગનલાલ મેમોરીયલ ફંડ, શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇના વર્ષ ૨૦૨૧-૨૨ના આવક-જાવકનાં હિસાબો તેમજ અનઓડીટેડ સરવૈયાની રજુઆત અને મંજુરી :- શ્રી કુંતલભાઇ પંચોલી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ના સવિસ્તાર જાવક-જવકનાં હિસાબોની રજુઆત કરવામાં આવી. અને અનઓડિટેડ સરવૈયા વિશે માહિતી અપાય હતી. વાર્ષિક સામાન્ય સભામાં હાજર સર્વે સભ્યોની મંજુરી બાદ વર્ષ ૨૦૨૧-૨૨નાં હિસાબને પાસ જાહેર કરવામાં આવ્યો. મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨નાં હિસાબોને પાસ જાહેર કરવા બદલ તમામ સભ્યોનો આભાર વ્યકત કર્યો.

એજન્ડા : ૩ :- શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ૭૫ વર્ષ-અમૃત વર્ષ નિમિત્તે વર્ષ ૧૯૪૫ થી લઇને વર્ષ ૨૦૨૧-૨૨ સુધી હયાત રહેલ તમામ કારોબારી સભ્યોનું ૧૦ ગ્રામ ચાંદીના સિક્કા અર્પણ કરી બહુમાન અને સ્વાગત. જેની રજુઆત મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી. સૌ પ્રથમ રામુભાઇ નાથુભાઇ પંચોલી કે જેઓ ત્રણ વર્ષ પ્રમુખ તરીકે સેવા બજાવી હતી. પંચોલી સેવા સમાજ મુંબઇના આમંત્રણનું માન જાળવી ૯૧ વર્ષની જૈફ વયે વ્યારાથી પ્રવાસ ખેડી બાયરોડ અમૃત અમુલ્ય બહુમાન પ્રાપ્ત કરવાનો લ્હાવો લેવા હાજરી આપી હતી. જેઓશ્રીને માન-સન્માન અને આદર સહિત મંચ પર આમંત્રણ કરવામાં આવ્યા અને સભામાં ઉપસ્થિત તમામ સભ્યોએ રામુકાકાના ઉત્સાહ, ઉમંગ અને સમાજ પ્રત્યેની લાગણીને માન આપીને ઉભા થઇ તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યા. જેઓ માટે નારીરત્ન એવમ પંચોલી યુગાંતર માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી તેમજ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના પંચોલી યુગાંતર શ્રી જયંતીભાઇ મંગુભાઇ મિસ્ત્રી, પંચોલી યુગાંતર શ્રી નવિનભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી, પંચોલી યુગાંતર શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી, પંચોલી યુગાંતરશ્રી પ્રવિણભાઇ છગનભાઇ લાઇટવાલા, પંચોલી યુગાંતર ડૉ. શ્રી ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી, પંચોલી યુગાંતરશ્રી રાજેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી, પંચોલી યુગાંતર શ્રી ભાવિકભાઇ મોહનલાલ કાપડિયા મંચ ઉપર ઉપસ્થિત થઇ શ્રી રામુભાઇ નાથુભાઇ પંચોલીને ૧૦ ગ્રામ ચાંદીનો સિક્કો અર્પણ કરાયો. રામુકાકાએ સુંદર યાદોને તાજી કરી સભાને આશીર્વચનો આપ્યા.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના આજરોજ સુધીના

હયાત તમામ કારોબારી સભ્યોને માન અને આદર સહિત મંચ પર નિમંત્રિત કરાયા અને સર્વે કારોબારી સભ્યોને ૧૦ ગ્રામ ચાંદીનો સિકકો ભેટ આપી બહુમાનીત કરાયા. સન્માન પ્રાપ્ત થયેલ તમામ કારોબારી સભ્યોએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના અને આજરોજની કારોબારી સમિતિનાં વિશેષ કાર્ય બદલ આભાર વ્યકત કર્યો. ૧૨.૩૦ કલાકે નવચંડી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી. માતાજીની આરતી, આરાધના બાદ પ્રસાદની વહેંચણી કરવામાં આવી.

એજન્ડા નં. ૪ : વાર્ષિક સામાન્ય સભામાં પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે :- જેમાં મંત્રીશ્રી દ્વારા રજુઆત કરવામાં આવી કે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી દર વર્ષે રામનવમી ઉત્સવ પ્રસંગે જે વિધવા સહાય આપવામાં આવે છે, તે હવે પછીનાં અગામી વર્ષોમાં ફકત જરૂરીઆત એવી વિધવા બહેનો પુરતી જ મર્યાદિત રહેશે. અને આવેલ અરજીઓને માન્યતા આપવાનો તેમજ વિતરણની રકમ નિર્ધારીત કરવાનો અંતિમ નિર્ણય જે તે વર્ષની કારોબારીને રહેશે જેની નોંધ વાર્ષિક સામાન્ય સભા દરમ્યાન કરવામાં આવી.

એજન્ડા નં. ૫ : શ્રી પં.સે.સ.મુંબઇના ૭૮માં વર્ષ ૨૦૨૨-૨૩ના નવા પ્રમુખશ્રીની વરણી : જેમાં શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી કે જેઓ છેલ્લા ૬ વર્ષથી પ્રમુખ સ્થાને બિરાજમાન છે જેઓનાં નામની વરણી કરવામાં આવી. શ્રી રાહુલભાઇ મિસ્ત્રીએ અગામી ૫ વર્ષ માટે પ્રમુખપદ સ્વેચ્છાએ સ્વીકાર્યુ અને જેને સભામાં હાજર સર્વે જ્ઞાતિજનોએ સ્ટેન્ડીંગ ઓવેશન આપીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા. શ્રી પં ભગીની સમાજ, મુંબઇના અગામી વર્ષ માટે શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રીના નામની વરણી કરવામાં આવી. શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીએ શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇનું પ્રમુખ પદ સ્વીકાર્યુ. આજરોજના અધ્યક્ષા અને ગત વર્ષનાં પ્રમુખ શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયાએ નવા વરાયેલા પ્રમુખનું સ્વાગત કર્યુ. યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇના પ્રમુખ તરીકે મયુર કમલભાઇ કાપડિયાના નામની વરણી કરવામાં આવી. અને તેમણે આગામી વર્ષ માટે પ્રમુખપદ સ્વીકાર્યુ અને આગામી વર્ષ માટે યુથ પેઢીને સંબોધીને નીતનવા કાર્ય અને પોગ્રામની રચના દર્શાવી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ-સમાજ સુરક્ષા યોજનાનાં અધ્યક્ષશ્રી નવિનભાઇ વી. પંચોલી-વ્યારાને મંચ પર આમંત્રિત કરાયા. અને તેમણે મહામંડળ દ્વારા સંચાલિત સમાજ સુરક્ષા યોજના અને તેમાં કરેલ લાગતા વળગતા ફેરફારો દર્શાવાયા અને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના દરેક સભ્યોને જેમ બને તેમ જલ્દી અને વધુને વધુ સંખ્યામાં સભ્યો જોડાય તે માટે પ્રેરીત કરવામાં આવ્યા.અંતમાં મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ નવચંડી યજ્ઞમાં બેસનાર તમામ યજમાનોનાં, આજરોજના અધ્યક્ષ અને અધ્યક્ષાનાં, આમંત્રિત સભ્યોનાં, તેમજ આજરોજની સામાન્ય સભામાં પોતાનો અમૂલ્ય સમય ફાળવી વેળાસર સભામાં હાજરી આપવા બદલ અને વિવિધ એજન્ડાને માન્યતા તથા મંજુરી દર્શાવવા બદલ સમગ્ર જ્ઞાતિજનોનો આભાર વ્યકત કરવામાં આવ્યો અને વર્ષ ૨૦૨૧-૨૨ની વાર્ષિક સામાન્ય સભા બરખાસ્ત જાહેર કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અમૃત રામનવમી એવમ નવચંડી યજ્ઞ સમારોહ તથા વાર્ષિક સામાન્ય સભા વર્ષ ૨૦૨૧-૨૨નું આયોજન રાધાકૃષ્ણ એસ. હોલ મીરારોડ ખાતે ખૂબ આકર્ષક રહી..સર્વે જ્ઞાતિજનોએ કેરી રસ, પુરી, ઢોકળાં, વેજ કુરકુરે, પનીર ટીકકા મસાલા, રોટી, ચીઝકોન બોલ, બટાકા ચીપ્સ અને દાળ-ભાત અને છાસનું સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણી પ્રફુલ્લિત રહ્યા.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ૭૫ વર્ષ અમૃત વર્ષ નિમિત્તે તમામ સંગઠનનાં વર્ષ ૧૯૪૫થી લઇને આજરોજ ૨૦૨૨ સુધીનાં તમામ હયાત કારોબારી સભ્યોને ૧૦ ગ્રામ ચાંદીના સિકકા પ્રદાન કરી જેઓનું અભિવાદન અને બહુમાન કરવામાં આવ્યું. જેમાં યુવા મંચ આવિષ્કાર ગ્રૂપના ૨૫ સભ્યો, ભગીની સમાજના ૩૩ સભ્યો, શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ૮૦ સભ્યો તદ્ઉપરાંત વિશેષ કાર્યકર્તા ૧ સભ્ય, અમૃત વર્ષ

તમામ સભ્યો ૭, અમૃત રાસ-ગરબા ૨ અધ્યક્ષા, અમૃત દીપોત્સવી ૭ અધ્યક્ષા, અમૃત રમતગમત ઉત્સવ ૧ અધ્યક્ષ, અમૃત રામનવમી ઉત્સવ ૧ અધ્યક્ષ અને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આ પ્રમાણે કુલ ૧૪૭ ૧૦ ગ્રામ ચાંદીના સિક્કાનું પ્રદાન અમૃત વર્ષ નિમિત્તે કરાયું.

અમૃત રામનવમી-નવચંડી યજ્ઞ ૨૦૨૧-૨૨ પ્રસંગે મળેલ ભેટ

૫,૧૧૧ પંચોલી યુગાંતર શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી - શાંતાક્રુઝ અધ્યક્ષ સ્થાનેથી

અમૃત રામનવમી પ્રસંગે

- ૫૦૦ નારીરત્ન પંચોલી યુગાંતર હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી
- ૨૦૧ જીજ્ઞેશ જયંત મહેતા - કાંદિવલી
- ૨૫૧ ઇન્દ્રવદન રમેશભાઇ મહેતા-કાંદિવલી
- ૧૫૦ ઉષાબેન નરેશભાઇ મિસ્ત્રી-ગોરેગાંવ
- ૩૦૦ કેતન જયંતીભાઇ મિસ્ત્રી-વસઇ
- ૨૫૧ ભરત રતિલાલ પંચોલી-સુરત
- ૨૫૦ દિપક લલ્લુભાઇ મિસ્ત્રી-મીરારોડ
- ૨૫૧ રવિન્દ્ર છગનલાલ મિસ્ત્રી-મીરારોડ
- ૧૦૧ જયંત નારણદાસ મિસ્ત્રી-ખેતવાડી
- ૧,૦૦૧ જતીન નગીનલાલ મિસ્ત્રી-ખેતવાડી
- ૫,૦૦૦ જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર
- ૧૦૦૦ પંચોલી યુગાંતર રાજેન્દ્ર ચુનીલાલ પંચોલી -મુંબઇ
- ૫,૦૦૦ પંચોલી યુગાંતર ડૉ. ભુપેન્દ્ર ચુનીલાલ પંચોલી -મઝગાંવ
- ૨,૫૦૦ હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી-વ્યારા
- ૩,૩૩૩ અનિષ અમૃતલાલ પંચોલી-કાંદિવલી
- ૫,૦૦૦ પંચોલી યુગાંતર જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી -મીરારોડ
- ૧,૦૦૦ પંચોલી યુગાંતર ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી-તાડદેવ
- ૧,૦૦૧ ડિમ્પલ હિરલ મિસ્ત્રી-અંધેરી
- ૩૦૦ ગં.સ્વ. કુસુમબેન જયંતીલાલ મિસ્ત્રી-નવસારી
- ૨,૫૦૦ પંચોલી યુગાંતર શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી-તાડદેવ અમૃત દિપોત્સવી પ્રસંગે
- ૨,૫૦૦ જીતેન્દ્ર ઉમેશ મિસ્ત્રી-વિરાર હવન પ્રસંગે
- ૨,૧૦૦ કમલભાઇ ગુલાબદાસ કાપડિયા-મીરારોડ હવન પ્રસંગે

મહેમાન ફી

- ૬૦૦ નયન નવિન મિસ્ત્રી-મીરારોડ
- ૩૦૦ મયંક ઠાકોરલાલ મિસ્ત્રી-કાંદીવલી
- ૯૦૦ ઉર્તેન્દ્ર ઉમેશ મિસ્ત્રી-વિરાર
- ૬૦૦ રાકેશ રમેશ મિસ્ત્રી-મીરારોડ
- ૬૦૦ વિમલ શશાકાંત મિસ્ત્રી-મીરારોડ
- ૯૦૦ વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ
- ૧,૦૦૧ નિશાંત મયંક મિસ્ત્રી-ગોરેગાવ-લગ્ન પ્રસંગે
- ૨,૦૦૦ વંદના મયંક મિસ્ત્રી તરફથી સ્વ. ઠાકોરલાલ દલપતરામ મિસ્ત્રીની પૂણ્યતિથિ નિમિત્તે
- ૧૧,૦૦૦ ફાગુન મણીલાલ પંચોલી-કાંદીવલી તરફથી સ્વ. કાંતિલાલ મણીલાલ પંચોલીની પૂણ્યતિથિ નિમિત્તે
- ૩૫૧ રોહન રાકેશ રમેશ મિસ્ત્રી-મીરારોડ સભ્ય ફી
- ૧,૧૦૦ ચંદ્રવદન નગીનદાસ મહેતા-દુભાષલેન લગ્નજીવનની રજત જયંતિ નિમિત્તે
- ૫૦૨ સમીર પ્રવિણ મિસ્ત્રી-જોગેશ્વરી પુત્રીરત્નના જન્મ નિમિત્તે
- ૨,૫૦૦ કુ. નીકી જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર શૈક્ષણિક ભેટ

## પંચોલી પંચ ગણદેવી

પંચોલી પંચ ગણદેવી એકમ.. શ્રી પંચોલી વાડીમાં રામનવમી નિમિત્તે તારીખ 10-4-22 ને રવિવારે રામનવમી ના દિવસે હવન પૂજા વિધિ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો

છેલ્લા બે વર્ષથી કાર્યક્રમ થઇ શક્યા ન હતા આ વર્ષે હવન પૂજા માં ગણદેવી એકમના પ્રમુખશ્રી ચિન્ટુ કુમાર. વૈશાલીબેન, ચિ. રાજ યજમાન તરીકે પૂજા માં બેઠા હતા. દરેક જ્ઞાતિજનોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક હાજરી



આપી હતી. પૂજા 9:00 ચાલુ થઇ બપોરે 12 કલાકે પૂર્ણાહુતિ કરી માતાજીની આરતી ઉતારી હતી અને સૌ જ્ઞાતિજનોએ સમાજની તથા દેશની સુખ શાંતિ માટે અને આ કોરોના ની મહામારી માંથી મુક્તિ મળે એ માટે માતાજી અને રામચંદ્રજીને શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરી હતી. અંતમાં સૌ જ્ઞાતિજનો સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણી છુટા પડયા હતા જય પંચોલી સમાજ

# મહિલા સમાચાર

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૨૩.૨.૨૦૨૨ના રોજ મહિલા મંડળની ઓનલાઇન મિટિંગ યોજવામાં આવી તેમાં બધી બહેનોએ સલાડ ડેકોરેશનમાં ભાગ લીધો હતો. સર્વે બહેનોએ સુંદર સલાડ ડેકોરેશન કર્યુ સાથે ડબ્બા પાર્ટી પણ કરી. વિડીયોકોલ થી મિટિંગ કરી. આગામી માર્ચ મહિનાની મિટિંગ હોટલમાં રાખવાનું નક્કી કરી છુટા પડયા.

તા. ૧૯.૩.૨૦૨૨ના રોજ મહિલા મંડળની મિટિંગ હોટલમાં યોજવામાં આવી. તેમાં મહિલા દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં દક્ષાબેન, નીપાબેન, ખુશ્બુબેને મહિલા દિન વિશે બે શબ્દો કહ્યા. ધો. ૧૦ અને ધો. ૧૨ના જ્ઞાતિના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી. કેતકીબેને પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી મહોત્સવ નિમિત્તે પારિવારીક શાંતિ અભિયાન વિશે વિશિષ્ટ જાણકારી આપી. સૌ બહેનોએ હોળી-ધુળેટી રમ્યા... અંતમાં ઢોસાનો અલ્પાહાર બાદ સૌ બહેનો છુટા પડયા.

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળની મિટિંગ તા. ૨૭.૦૨.૨૦૨૨ ના રોજ ગાર્ડનમાં રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત દક્ષાબેનની પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સ્વ. બિપીનભાઇ પંચોલી, લતા મંગેશકર અને પુલવામાં એટેક(બ્લેક ડે)ના શહિદોને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

આ માસમાં આવતી બર્થડે-એનીવર્સરી વિસ કરવામાં આવી. આજે સલાડ ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી અને આ સ્પર્ધાના જજ તરીકે માનસીબેન ઝવેરીએ સેવા આપી હતી. જજશ્રીનો પરિચય હેતલબેને આપ્યો હતો. સ્પર્ધાને લગતુ પ્રસંગોચિત પ્રવચન જજશ્રીએ આપી પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો. વિજેતા પ્રથમ : ભાવનાબેન બી. પંચોલી, દ્વિતીય : મોલિનાબેન વી. પંચોલી અને તૃતીય : કુસુમબેન એસ. પંચોલી થયા હતા. ભાગ લેનાર તથા વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન ડે હોવાથી પ્રિયંકાબેને તેના વિશે બે બોલ કહ્યા. સરપ્રાઇઝ ગેમ રંજનબેને રમાડી અને તેના વિજેતા ભાવનાબેન બી. પંચોલી થયા હતા.

રીનલબેન ગાંધીએ ગર્ભાશયના મુખનું તથા બેસ્ટનું કેન્સર માટે બહેનોનુ મોટીવેશન સ્પીચ આપી હતી અને તા. ૮.૩.૨૦૨૨ના રોજ મહિલાદિન ની ઉજવણી નિમિત્તે યોજાનાર કેમ્પમાં વધુને વધુ બેન જોડાય અને લાભ લે એવી આશા વ્યકત કરી હતી.

૧૦૧ દક્ષાબેન મહેશભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે
૧૦૦ રીટાબેન રાકેશભાઇ ગાંધી-બર્થડે નિમિત્તે
૫૧ અંજલીબેન પરેશભાઇ પચ્ચીગર-બર્થડે નિમિત્તે
૫૧ કિરણબેન ધર્મેશભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે

અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

પ્રગતિ મહિલા મંડળની મિટિંગ તા. ૨૦.૦૩.૨૦૨૨ ના રોજ વ્યારા મુકામ. સવામિનારાયણ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે બહેનોએ શોભાયાત્રામાં ભાગ લઇ આરતી કરી ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતાં. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિસ કરવામાં આવી. સરપ્રાઇઝ ગેમ હેતલબેને રમાડી અને એના વિજેતા હિનલબેન જે. મિસ્ત્રી થયા હતાં.

માર્ચ માસમાં શિવરાત્રી આવતી હોવાથી બાળકો શિવ-પાર્વતીના ડ્રેસ પહેરીને આવ્યા હતા. આજરોજ વક્તૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેના નિર્ણાયિક તરીકે હર્ષાબેન ઠક્કરે સેવા આપી હતી. નિર્ણાયિકશ્રીનો પરિચય રંજનબેને આપ્યો હતો. આ સ્પર્ધાના વિજેતા પ્રથમ : કુસુમબેન એસ. પંચોલી દ્વિતીય : પારૂલબેન એચ. ગાંધી વિજેતા થયા હતાં.

ગીતાબેન ગાંધી અને સરસ્વતીબેને હોળીની શુભેચ્છા આપતો સંદેશો મોકલ્યો હતો તેનું વાંચન હેતલબેને કર્યુ હતું. હોળીનું સેલીબ્રેશન કરી એકબીજાને ગુલાલ લગાડયો હતો. ધાણી, ખજૂર, ચણાનો પ્રસાદ જ્યોતિબેન તરફથી રાખવામાં આવ્યો હતો. આજરોજ લીંબું ચમચાની સ્પર્ધા કરી જેના વિજેતા પ્રથમ : રીમા જય ગાંધી અને દ્વિતીય વર્ષાબેન બી. મિસ્ત્રી થયા હતા.

૧૦૧ કૈલાસબેન હરીશભાઇ પંચોલી - બર્થડે નિમિત્તે અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ તા. ૧૭.૦૪.૨૦૨૨ના રોજ હરે હરેશ્વર મહાદેવ મંદિર ખાતે ટુંકો પ્રવાસ નિમિત્તે રાખવામાં આવી હતી. જેમાં ૧૦ બહેનો હાજર રહ્યા હતાં. પ્રભાબેનની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. પ્રિયંકાબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા શ્રીમતિ કુસુમબેન પંચોલી થયા. એપ્રિલ માસમાં આવતી બર્થડે-એનીવર્સરી વિશ કરવામાં આવી. એપ્રિલ માસમાં આપેલ પ્રોજેક્ટ ટુંકો પ્રવાસ નિમિત્તે હરિ હરેશ્વર મહાદેવના મંદિરે મિટિંગ રાખવામાં આવી.આ માસના પ્રોજેક્ટ મુજબ લગ્નગીત સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયિક તરીકે ઈશિતાબેન શાહ અને સીમાબેન શાહે સેવા આપી હતી. જિર્ણાયિક શ્રીનો પરિચય હેતલબેને આપ્યો હતો. ત્યારબાદ સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. લગ્નગીત સ્પર્ધામાં ૯ બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના વિનેતા પ્રથમ : કુસુમબેન અને દ્વિતીય જ્યોત્સનાબેન એન. પંચોલી થયા હતાં. સ્પર્ધામાં લેનાર બહેનોનો આભાર વ્યકત કર્યો હતો.

૧૪ એપ્રિઇ ના રોજ બાબા સાહેબ આંબેડકર જયંતિ હોવાથી ભાવનાબેને તેમના વિશે વ્યકતવ્ય રજુ કર્યુ.(એકસ્ટ્રા પ્રોજેક્ટ) લગ્ન ગીત સ્પર્ધામાં સુંદર તૈયાર થઇને આવશે તેના માટે સરપ્રાઇઝ રાખવામાં આવી. જેના વિજેતા ભાવનાબેન થયા.

મે મહિના ની સ્પર્ધા પણ એપ્રિલ માસમાં કરી. જેમાં ઠંડા શરબતની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૧૨ બહેનદએ ભાગ લીધો. એના નિર્ણાયિક શ્રી પણ ઈશિતાબેન અને સીમાબેને સેવા આપી. નિર્ણાયિકશ્રીએ વિજેતા જાહેર કર્યા જેમાં પ્રથમ ડોનિકા એમ મિસ્ત્રી (કોકોનટ ક્રન્ચ), દ્વિતીય કામીની એમ. પંચોલી (લીંબુ શરબત) અને પદમાબેન એચ. પંચોલી (કાચીકેરી શરબત) અને તૃતિય અંજલીબેન પી. પચ્ચીગર (વરીયાળી-એલચી અને ફુદીના શરબત) વિજેતા થયા. ભાગ લેનાર બહેનોને અભિનંદન પાઠવ્યા. ત્યારબાદ પ્રોજેક્ટ મુજબ 'મોબાઇલ બાળકો માટે કેટલો ઘાતક' એ વિષય પર બહેનોએ પોતપોતાના વકતવ્ય રજુ કર્યા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા..

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તેજસ્વીની મહિલા મંડળ-વડોદરાની કારોબારી દ્વારા ૨૩.૩.૨૦૨૨ને બુધવારના રોજ એક દિવસીય પ્રવાસ ત્રિમંદિર ખાતે જવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. પરસોત્તમદાસ ભીખાભાઈ પંચોલી સુરત શ્રી પદ્માકાંત ગણપતભાઈ પંચોલી સુરત



વાઘોડિયા, વૃંદાવન ચોકડીથી બપોરના ૩.૦૦ કલાકે મીની બસ દ્વારા પ્રસ્થાન કરી વરણામા સ્થિત ત્રિમંદિર ખાતે પહોંચ્યા. બહેનોએ મંદિરમાં દર્શન કરી ધન્યતા અનુભવી. વિશાળ મંદિર, સુંદર સ્થાપત્ય અને અલૌકિક વાતાવરણ અનુભવી સૌ પ્રફુલ્લીત થઇ ગયા. ત્યારબાદ ગાર્ડનમાં બેસી સૌ બહેનો પોતપોતાના ઘરેથી લાવેલ વિવિધ નાસ્તાઓની ડબ્બા પાર્ટી કરી આનંદ માન્યો હતો. ચા-કોફી અને ઠંડા પીણાંને ન્યાય આપ્યો હતો. વન મિનિટ ગેમ રમ્યા જેમાં પ્રથમ આનંદીબેન, દ્વિતીય નિકુંજબેન વિજેતા થયા હતાં. બીજી ગેમમાં પ્રથમ લીનાબેન અને દ્વિતીય જ્યોત્સનાબેન વિજેતા થયા હતા.

ત્યારબાદ મંદિરમાં મળતા સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ સમૂહમાં બેસીને માણી ત્યાંથી વિદાય લીધી. બસમાં અંતાક્ષરી અને ડાન્સની પણ મઝા માણી. પ્રવાસની સુંદર યાદોને લઈને શુભરાત્રી કહી સૌ છુટા પડ્યા.

તેજસ્વીની મહિલા મંડળની માર્ચ ૨૦૨૨ની મિટિંગ નવા નિયુક્ત થયેલ પ્રમુખશ્રી સપનાબેન એચ. પંચોલીના નિવાસસ્થાને તા. ૪.૩.૨૦૨૨ના રોજ બપોરે ૪.૦૦ કલાકે રાખવામાં આવી. સપનાબેને ઠંડાઇથી સર્વે બહેનોનું સ્વાગત કર્યુ. મિટિંગની શુભ શરૂઆત રામ સ્તુતિ અને પ્રાર્થનાથી કરવામાં આવી. આજરોજ 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. જ્યોતિબેન એસ. પંચોલીએ નારીશકિત વિશે વ્યકતવ્ય રજુ કર્યુ. હોળી-ધૂળેટીની શુભેચ્છાઓ પાઠવી. સપનાબેને સૌ બહેનોને ધાણી-ખજૂર ખવડાવ્યું. કોરોના બાદ પ્રથમવાર એકબીજાને મળ્યા. ગાર્ડન વિઝીટ અથવા ડબ્બા પાર્ટીના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી.

સપનાબેને સૌને રાજસ્થાની ખાણું ખવડાવ્યું. આનંદીબેને સપનાબેન તથા તેમના પરિવારજનોનો આભાર માની આગામી મિટિંગ આનંદીબેનને ત્યાં રાખવાનું નક્કી કરી છુટા પડ્યા.

તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની એપ્રિલ મહિનાની કારોબારી મિટિંગ તા. ૧.૪.૨૦૨૨ને શુક્રવારના રોજ બપોરે ૪.૩૦ કલાકે આનંદીબેન એન. પંચોલીના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. લસ્સી દ્વારા આનંદીબેને સૌ બહેનોનું સ્વાગત કર્યુ.

પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી. નવરાત્રી હોવીથી માતાજીની સ્તુતિ પણ કરી. એપ્રિલ માસના પ્રોજેકટ અનુસાર લગ્નગીત કોમ્પીટીશન રાખવામાં આવી હતી. લગ્નપ્રસંગ અનુસાર ઘરને શણગારવામાં આવ્યું હતું. તથા લગ્નમાં આવતી વિધિ અનુસાર ગીતો ગાવામાં આવ્યા હતા. લગ્ન ગીતો પત્યા બાદ ફાઇવસ્ટાર આપી મો મીઠુ કર્યુ.

વન મિનિટ ગેમ રમ્યા સમુહમાં હાઉસી પણ રમ્યા. લગ્નગીત કોમ્પીટીશનમાં નિર્ણાયક તરીકે આનંદીબેને સેવા આપી હતી. જેમાં પ્રથમ જ્યોત્સનાબેન દ્વિતીય શીલાબેન વિજેતા થયા હતાં.

## પંચોલી જ્ઞાતી સમાજ વ્યારા

પ્રમુખ : રાજેશભાઇ ધીરજલાલ પંચોલી
Mo. : 9879547469
ઉપપ્રમુખ : જયેશભાઇ ભીખુભાઇ પંચોલી
Mo. : 9825130967
મંત્રી : ભદ્રેશભાઇ હસમુખલાલ મિસ્ત્રી
Mo. : 9825471846
સહમંત્રી : કુલીનભાઇ સન્મુખલાલ પંચોલી
Mo. : 9033201901

નવી વરાયેલ ટીમને ખૂબ ખૂબ અભિનંદન...
સહ વ્યારા એકમને પ્રગતિના શિખરે પહોંચાડે અને સમાજલક્ષી કાર્યો કરે એવી શુભેચ્છા

## એક વાર જાવુ હરીના ધામમાં



સુરત નિવાસી દમયંતીબેન કાંતીલાલ પંચોલી તા. ૦૩.૦૫. ૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.



પાનવડ નિવાસી મંજુલાબેન રમેશચંદ્ર પંચોલી તા. ૧૨.૦૫. ૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.





ગઢબોરીયાદ નિવાસી કીર્તિકાંત છીતાલાલ પંચોલી તા. ૧૨.૦૫. ૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.



અંકલેશ્વર નિવાસી સુમિત્રાબેન મોહનલાલ પંચોલી તા. ૧૨.૦૫. ૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.



લેસ્ટર નિવાસી મધુકાન્તાબેન ઠાકોરભાઇ પંચોલી તા. ૧૨.૦૫. ૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૯



બરકાલ નિવાસી પ્રવિણભાઇ રમણભાઇ પંચોલી તા. ૧૮.૦૫. ૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.

**દિવંગત આત્માઓને હાર્દિક શ્રધ્ધાંજલી**

## શતમ જીવમ્ શરદઃ હેપી બર્થ ડે



શ્રી પ્રફુલચંદ્ર ગણપતભાઈ પંચોલી- મુંબઈ
તા. ૦૪-૦૫-૨૦૨૨ના રોજ
૭૫મી વર્ષગાંઠ નિમિત્તે...



ગં.સ્વ. અનુરાધાબેન મનુભાઈ મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ૦૫-૧૨-૨૦૨૨ના રોજ
૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે



શ્રીમતિ ઈન્દિરાબેન રજનીકાંત પંચોલી-મુંબઈ
તા. ૧૯.૦૫.૨૦૨૨ના રોજ
૭૫મી વર્ષગાંઠ નિમિત્તે




શ્રીમતિ સ્નેહાબેન પારસભાઈ મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ના રોજ
૫૦મી વર્ષગાંઠ નિમિત્તે...

**સમગ્ર પંચોલી સમાજ જન્મ દિવસના હાર્દિક અભિનંદન પાઠવે છે......**

## કુર્યાત સદા મંગલમ્

અંકલેશ્વર નિવાસી શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી પરેશભાઈ મગનભાઈ પંચોલીના સુપુત્ર ચિ. હર્ષિલના શુભ લગ્ન બીલીમોરા નિવાસી શ્રીમતિ પ્રજ્ઞાબેન તથા રશ્મીનભાઈ બીપીનચંદ્ર મહેતાની સુપુત્રી ચિ. કોમલ સાથે તા. ૧,.૦૪.૨૦૨૨ના રોજ થયા...

**સમગ્ર પંચોલી સમાજ લગ્ન જીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...**



## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૫૦૦/- અંકલેશ્વર શ્રીમતિ સ્નેહાબેન પારસભાઇ મિસ્ત્રી તરફથી ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે...

રૂા. ૪૦૦/- મુંબઇ નિવાસી શ્રી પ્રફુલચંદ્ર ગણપતભાઇ પંચોલી- મુંબઇ તરફથી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૨૦૦/- અને નવયુગ પોષ્ટીંગ માટે રૂા. ૨૦૦/- ભેટ મળ્યા.

રૂા. ૨૫૧/- શ્રી ગણદેવી પંચોલી પંચ તરફથી રામનવમી હવન પ્રસંગે....હસ્તે ચિન્તુકુમાર બી. મિસ્ત્રી

રૂા. ૧,૦૦૦/- બીલીમોરા(હાલ દુબઇ) નિવાસી શ્રીમતિ શોભાબેન તથા શ્રી કિશોરભાઇ નારણદાસ મિસ્ત્રી તરફથી એમની લગ્નજીવનની ૪૫મી એનીવર્સરી નિમિત્તે..

રૂા. ૫૦૧/- અમદાવાદ નિવાસી અને અમદાવાદના માજીપ્રમુખ શ્રી પ્રવિણભાઇ એચ. પંચોલીના સ્મરણાર્થે એમના પરિવારજનો તરફથી..

રૂા. ૫૦૧/- અંકલેશ્વર નિવાસી શ્રીમતિ નીતાબેન તથા શ્રી રાજેશકુમાર ભીખાભાઇ પંચોલી તરફથી સુપુત્રી ચિ. દીપાના શુભલગ્ન પ્રસંગે.

રૂા. ૨૦૧/- અંકલેશ્વર નિવાસી શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી પરેશભાઇ મગનભાઇ પંચોલી તરફથી સુપુત્ર ચિ. હર્ષલના શુભલગ્ન નિમિત્તે



### હેપી બર્થ ડે

ચિ. પરી મયુરભાઇ
પંચોલી-રાજપીપલા
પાંચમી વર્ષગાંઠ

### મેરેજ એનીવર્સરી

અશ્વિનભાઇ એમ. પંચોલી
તરફથી ૩૨મી મેરેજ અનીવર્સરી
નિમિત્તે રૂા. ૨૫૧/-
ભેટ



| | | | | |
|---|---|---|---|---|
| પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી હિરાલાલ અમૃતલાલ મહેતા | સુરત | શ્રી હરકીશનદાસ ભગવાનદાસ પંચોલી | સુરત |

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed : Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**